**શ્રી શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય**

રાષ્ટ્રીય પ્રવક્તા, એ.આઈ.સી.સી અને ધારાસભ્ય, અબડાસા

http://www.shaktisinhgohil.com

**અખબારીયાદી** **તા.૧૦.૧૧.૨૦૧૭**

ભાવનગર થી પીપળી સુધીનો રસ્તો ભાવનગરથી અમદાવાદ તથા ભાવનગર થી વડોદરાને જોડતો અતિશય મહત્વનો રસ્તો છે. આ રસ્તા ઉપર છેલ્લા થોડા જ મહિનાઓમાં અનેક અકસ્માતો થયા છે. આ રસ્તાને ૧૦ મીટર પહોળાઈમાંથી ચાર માર્ગીય બનાવવાનાં ટેન્ડર તા:૧૫/૦૯/૨૦૧૭નાં પત્રથી સરકારે બહાર પાડેલ. રસ્તા માટેનો અંદાજીત ખર્ચ રૂ. ૭૩૯.૫૫ કરોડ રૂપિયાનો દર્શાવવામાં આવેલ છે. એ ટેન્ડર બહાર પડતા સાથે ભાજપ દ્વારા ભરપુર પ્રચાર કરવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર ભાજપ પ્રદેશ પ્રમુખ ઉપર અભિનંદનની વર્ષા કરવામાં આવી હતી. હવે તા:૨૭/૧૦/૨૦૧૭ના પત્રથી કોઈપણ કારણ વગર પીપળી થી ભાવનગરના રસ્તાને ચાર માર્ગીય બનાવવાનું રૂ.૭૩૫.૫૫ કરોડ નું ટેન્ડર રદ કરી નાખવામાં આવેલ છે. કોંગ્રેસનાં રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે પ્રેસ અને મીડીયાને ટેન્ડર બહાર પાડ્યાનો તા:૧૫/૦૯/૨૦૧૭નો પત્ર તથા ટેન્ડર કેન્સલ કર્યાનો તા:૨૭/૧૦/૨૦૧૭નો પત્ર રજુ કર્યો હતો અને જણાવ્યું હતું કે ભાવનગરની જનતાને છેતરવાનું ભાજપ બંધ કરે.

કાળીયાબીડ વસાહતને રેગ્યુલાઈઝ કરવા બાબતમાં પણ ભાજપ જુઠાણા ફેલાવે છે. ભાવનગર મહાનગરપાલિકાની તા:૧૨/૦૫/૨૦૧૭ની દરખાસ્ત તથા નાયબ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કાળીયાબીડ લે-આઉટ પ્લાન અંગે તા:૨૨/૦૮/૨૦૧૭ના રોજ મળેલ મીટીંગ ની કાર્યવાહીની નોંધ પ્રેસ અને મીડિયા સમક્ષ રજુ કરીને એ વાતનો પર્દાફાશ કર્યો હતો કે કાળીયાબીડ વસાહત હકીકતમાં રેગ્યુલાઈઝ કરવામાં આવી છે તેવી વાતો કરનાર ભાજપ દ્વારા ખરેખર વસાહતીઓની હાડમારી વધારી છે. ખરેખર ડેવલપરે જે સુવિધાઓ અને ફી ભરવાની હતી તેની જવાબદારી વસાહતીઓ ઉપર નાખી દેવામાં આવી છે. પ્લીન્થ લેતી વખતે અને ટ્રાન્સફર વખતે વસાહતીઓએ પાલીતાણા સ્યુગરમિલને રૂપિયા ચૂકવ્યા છતાં હવે દસ્તાવેજના રૂપિયા આપવાના તેમજ ચકાસણી ફી, ડેવલપમેન્ટ ચાર્જ, એમીનીટીઝ ફી, વિગેરે પણ ભરવાની થશે. જે વસાહતીઓના ઘરની

ઉપરથી ૬૬ કે.વી. લાઈન પસાર થાય છે તે સરકારી ખર્ચે GETCO એ ફેરવી નાખવી જોઈએ તેના બદલે સરકારે એવો નિર્ણય કર્યો છે કે આ વાયરોના નીચે આવતા ઘરોનું બાંધકામ રેગ્યુલરાઇઝ નહિ થાય. કંસારાની આજુબાજુના અનેક ઘરો પણ રેગ્યુલાઈઝ નહિ થાય . ડેવલપર્સ પાસેથી વિકાસના નાણા ભરાવવાની બદલે રામનગરના વિકાસને રામ ભરોસે છોડાયેલો છે.

ભાવનગરની મિલ્ટરી સોસાયટીમાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાનો કોંગ્રેસના ટેકાવાળી સરકારે નિર્ણય કરેલ હતો પરંતુ ભાજપની સરકારે નિવૃત સૈનિકોના ઘરના માટે આ નિર્ણયનો અમલ અટકાવીને નિવૃત સૈનિકોનું અપમાન કરેલ છે.ભાવનગરમાં જવેલ્સ અને જ્વેલરીપાર્ક બનાવાશે , કલ્પસર યોજના બની જશે. ભાવનગરને સૌરાષ્ટ્રનું મુખ દ્વાર બનાવી દેવાશે એવી મોટી મોટી જાહેરાતો પછી હકીકતમાં એક ઇંચ પણ કામ થયું નથી.

ભાવનગરનું બંદર ભાજપના સમયમાં મૃતપ્રાય થઇ ગયું છે. ભાવનગરને રોજી પૂરી પાડતા આલ્કોક એશડાઉનને નુકશાનીમાં નાખી દેવાયું છે. અલંગના વિકાસ માટે અનદેખી થઇ છે. ભાવનગરના ડેમોને નર્મદાના પાણીથી ભરી દેવાની વારંવાર જાહેરાત પછી પરિણામ શૂન્ય છે. માલેશ્રીમાં નર્મદાનું પાણી છોડી શકાય તેમ હોવા છતાં તેની અનદેખી થઇ છે. ડુંગળી વેચતા વેપારીની સબસીડી મળી નથી. પાક વીમામાં ભાવનગરના ખેડૂતોને ખુબ મોટો અન્યાય થયેલ છે. ટેકાના ભાવોથી ખરીદીની વાતો પછી ખેડૂતો રઝળે છે. પરંતુ પાકની ખરીદી થતી નથી .

ભાવનગરનો ઈતિહાસ એવો છે કે ભાવનગરના પ્રતિનિધિઓ ભાવનગરના હિત માટે ભૂતકાળમાં પોતાની જ સરકારો સામે લડત કરી છે ત્યારે આજે ભાજપના પ્રદેશ પ્રમુખ ભાવનગરના છે. અને તેઓ ભાવનગરના પ્રશ્નો માટે લડવાના બદલે ભાવનગરની જનતાને છેતરે છે. તે દુઃખદ છે.

---

भारतीय राष्ट्रीय राजमार्ग प्राधिकरण
(सड़क परिवहन और राजमार्ग मंत्रालय)
**National Highways Authority of India**
(Ministry of Road Transport and Highways)
जी-5 एवं 6, सेक्टर-10, द्वारका, नई दिल्ली-110075
G5 & G6, Sector-10, Dwarka, New Delhi-110075
दूरभाष / Phone :+91-11-25074100/25074200
फैक्स / Fax : +91-11-25093507 / 25093514

NOTICE INVITING BID

**NHAI/11012/Nari- Pipli/Guj/2017/105920** **15.09.2017**

**RFP for "Widening of Pipli-Bhavnagar-Section: Package-1 from km 136/000 to 168/8 (Near Adhelai Village to Nari Junction) to four laning from existing 10 Meter wide road in the State of Gujarat on EPC mode".**

The National Highways Authority of India is engaged in the development of National Highways and as part of this endeavour, it has been decided to **undertake Widening of Pipli-Bhavnagar-Section: Package-1 from km 136/000 to 168/8 (Near Adhelai Village to Nari Junction) to four laning from existing 10 Meter wide road in the State of Gujarat through an Engineering, Procurement and Construction (EPC) Contract.**

The National Highways Authority of India represented by its Chairman now invites bids from eligible contractors for the following project:

| State | NH No. | ICB No. | Name of Work | Estimated cost | Completion period | Maintenance period |
|---|---|---|---|---|---|---|
| Gujarat | In-principle approved NH | - | Widening of Pipli-Bhavnagar-Section: Package-1 from km 136/000 to 168/8 (Near Adhelai Village to Nari Junction) to four laning from existing 10 Meter wide road in the State of Gujarat through an Engineering, Procurement and Construction (EPC) mode | Rs. 739.55 Cr | 2.5 years | 4 years |

The complete BID document can be viewed/downloaded from official portal of NHAI http://www.nhai.org or e-procurement portal of NHAI http://etenders.gov.in from 15.09.2017 to 30.10.2017 (upto 1100Hrs IST). Bid must be submitted online only at http://etenders.gov.in on or before 30.10.2017 (upto 1100Hrs IST). Bids received online shall be opened on 31.10.2017 (at 11:30Hours IST).

Bids through any other mode shall not be entertained. However, Bid Security, document fee, Power of Attorney and Joint Bidding Agreement etc shall be submitted physically by the Bidder on or before 31.10.2017 (at 1100Hrs IST), please note that the National Highways Authority of India reserves the right to accept or reject all or any of the BIDs without assigning any reason whatsoever.

Office In-Charge

15.09.2017

Mr. K.V. Singh
General Manager (Gujarat),
National Highways Authority of India,
G-5 & 6, Sector-10, Dwarka, New Delhi-110075
Phone: 011-25074100/200 (Extn: 1532)
Email: kvsingh@nhai.org

भारतीय राष्ट्रीय राजमार्ग प्राधिकरण
(सड़क परिवहन और राजमार्ग मंत्रालय)
National Highways Authority of India
(Ministry of Road Transport and Highways)
जी-5 एवं 6, सेक्टर-10, द्वारका, नई दिल्ली-110075
G5 & G6, Sector-10, Dwarka, New Delhi-110075



NHAI/11012/Nari- Pipli/Guj/2017/107752 27.10.2017

## BID CANCELLATION NOTICE

**Sub: Widening of Pipli-Bhavnagar-Section: Package-1 from km 136/000 to 168/8 (Near Adh elai Village to Nari Junction) to four laning from existing 10 Meter wide road in the State of Gujarat on EPC mode.**

It is hereby informed that the Authority has decided to annul the bidding process for the above mentioned project under Clause 2.16.1 & 2.16.2 of RFP with effect from date of issue of this notice.

27.10.2017
(K.V. Singh)
General Manager (T) - Gujarat

| | |
|---|---|
| **viding and Fixing Road Boundary Stones as per IRC : 25 of Narasannapeta – Anandapuram section from .580.700 to Km.682.980 of NH- 16 (Old NH-5) in the State of Andhra Pradesh.**<br>, Bid Vol-I, Bid Vol-II, BOQ, Price Bid, MSME Order, E-tendering procedure, | **28th October 2017(On e-Tendering Mode)** |
| **ce accommodation admeasuring about 2500 sq.ft. Carpet area in commercial/residential building with adequate king facility in the area in Moradabad on long leave & license basis.**<br>, Bid document, Corrigendum-I, | **30th October 2017** |
| **ing away the salvage in the form of timber & fire wood of the felled trees in Kollegala-Taluk of marajanagara- District from Design Ch. (i) Km.346.000 to Km.353.000 (BRT Tiger Reserve Boundary to galore Section of NH-209 ) of NH-63 (New NH-67) in the State of Karnataka.**<br>document, | **30th October 2017** |
| **Repairing & Maintenance work in km 110(P) to km 155(P) of NH-31 for the year 2017-18 in the state of Bihar -1). (2) Repairing & Maintenance work in km 80(P) to km 110(P) of NH-31 for the year 2017-18 in the state of ar (BR -2) And (3) Repairing & Maintenance work in km 48(P) to km 80(P) of NH-31 for the year 2017-18 in the e of Bihar(BR-3).**<br>- Vol-I, RFP Vol-II, Corrigendum-I, | **30th October 2017(On e-Tendering Mode)** |
| **airing & Maintenance work in km 143+200 to Km 156+600, Km 174+300 to Km 179+700 and Km 181+500 to 197+800 of Existing road of NH-19 for the year 2017-18 in the state of Bihar.**<br>- Vol-I, RFP Vol-II, Corrigendum-I, | **30th October 2017(On e-Tendering Mode)** |
| **struction of Stand alone Ring Road/ Bypass around Jammu City (length 58.2 Km) on EPC Mode.**<br>, RFP, Technical Schedule, Corrigendum-I, Corrigendum-II, Revised RFP & DCA, Schedules, rigendum-III, Corrigendum-IV, Corrigendum-V, Corrigendum-VI, Corrigendum-VII, Corrigendum-, Corrigendum-IX, Revised NIT, Revised RFP, Corrigendum-X, Reply to queries, Revised edule, Corrigendum-XI, Corrigendum-XII, Corrigendum-XIII, Corrigendum-XIV, Reply to eries, Corrigendum-XV, Corrigendum-XVI, | **30th October 2017(On e-Tendering Mode)** |
| **ening of Pipli–Bhavnagar section: package-1 from km 136/000 to 168/800 (near Adhelai village to Nari junction) our lane from existing 10 meter wide road in the state of Gujarat on EPC Mode.**<br>, RFP, DCA, Schedule, Technical Schedule, E-tender process, Cancellation Letter, | **Cancelled** |
| **struction of Service Road/ Slip lane at Bassi Bypass on NH-27 from Km. 923+290 to Km. 924+000 section of ttorgarh-Kota (from Km. 891.929 to Km. 1052.429 section of NH-27) in the state of Rajasthan.**<br>, RFP- Vol-I, RFP-Vol-II, E-Tender Process, | **30th October 2017(On e-Tendering Mode)** |
| **LLECTION OF USER FEE THROUGH FEE COLLECTING AGENCY ON THE BASIS OF COMPETITIVE DING ON E-TENDER BASIS AT BADAVA FEE PLAZA AT KM 5.800 FOR THE STRETCH FROM KM 35 – KM 71.200 (IBRAHIMPATNAM – AP / TELANGANA BORDER SECTION) OF NH-221 IN THE STATE ANDHRA PRADESH.**<br>, RFP, Financial Bid, Policy Circular, Amendment RFP RFQ, Letter to Toll Contractor, Bus and Truck rcation | **30th October 2017(On e-Tendering Mode)** |
| **ependent Engineer services for construction of 4-lane Road on NH-12 (New NH-52) from Km 299.000 to 346.540 sign Chainage from km. 9.860 to 58.740) (Darah-Jhalawar- Teendhar section) in the State of Rajasthan under DP Phase-III on Hybrid Annuity Mode (Length 48.880 km.) – Package –II.**<br>, RFP, Reply to Queries, | **30th October 2017(On e-Tendering Mode)** |
| **for Excavation, Segregation and Processing of One Million tonnes of Municipal Solid Waste available at the zipur Dumpsite in the State of Delhi on EPC mode.**<br>endering, NIB, RFP, EPC Agreement, CRRI REPORT, Financial Bid, Corrigendum-I, | **30th October 2017(On e-Tendering Mode)** |
| **OVIDING, RUNNING, & MAINTENANCE OF COMMERCIAL VEHICLES ON MONTHLY HIRE BASIS R NHAI, PIU-JAIPUR.**<br>document, | **30th October 2017** |
| **ntenance of existing road section bypassed by ROB at Ch. 291.500 to 293.130 on NH-74 in district Pilibhit in the e of UP.**<br>, Bid document, BOQ, | **30th October 2017(On e-Tendering Mode)** |
| **PAIR & MAINTENANCE OF GOVINDPUR (RAJGANJ) – CHAS-WEST BENGAL BOARDER SECTION OM KM 0.00 TO KM 56.889 OF NH-32 IN THE STATE OF JHARKHAND (2ND CALL).** | **30th October 2017(On e-** |

# ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર

ટા. ડે. જા. નં. ૧૦૩

કમિશ્નર કચેરી
ટાઉન ડેવલપમેન્ટ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર.

તા. ૧૨ / ૫ / ૧૭

પ્રતિ,
માન. અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪ - ૯ મો માળ સચિવાલય,
ગાંધીનગર.

**વિષય :- વડવા નાં સર્વે નંબર ૪૭૦ / ૧ તથા સર્વે નંબરો ૪૭૧ / ૨–૩-૪, કાળીયાબીડના લે - આઉટ પ્લાન બાબત.**

સંદર્ભ :- ( ૧ ) કાળીયાબીડ વિસ્તારને રેગ્યુલાઝ કરવા માટે D.C.R મા સુધારો કરવા માટે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામા આવેલ તા. ૧૦ / ૫ / ૧૬ નુ જાહેરનામુ.

( ૨ ) અરજદારશ્રી પાલીતાણા સ્યુગર મિલ્સ પ્રા. લી. ની તેઓના લે – આઉટ પ્લાન મંજુર કરવા રજુ કરેલ અરજી.

આદરણીય સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભે ભાવનગર શહેરમા આવેલ કાળીયાબીડ વિસ્તાર તરીકે ઓળખાતી વસાહતના લે –આઉટ પ્લાન મંજુર કરવા પાલિતાણા સુગર મિલ્સ પ્રા.લી દ્વારા ભાવનગર મહાનગરપાલિકામા રજુઆત કરવામાં આવેલ છે, જે અંગે નીચે મુજબની હકીકતો ધ્યાને લેવા વિનંતી છે.

<u>( ૧ ) માલિકીના આધારો બાબત .</u>

અરજદારશ્રી પાલિતાણા સુગર મિલ્સ પ્રા.લી. દ્વારા રેવન્યુ સર્વે નં. ૪૭૦ / ૧ તથા સર્વે નંબરો ૪૭૧ / ૨ - ૩ - ૪ ના રેવન્યુ રેકર્ડ ( ૭ / ૧૨ ) અને કલેકટરશ્રીનાં બીનખેતીના હુકમમાં પાલીતાણા સ્યુગર મીલ્સ પ્રા.લી. નું નામ હોવાથી તે નામે આ લે - આઉટ પ્લાન મંજુરી માટે રજુઆત કરેલ છે.( હાલ આ વસાહતમા પ્લોટીંગ તથા બાંધકામો આવેલ છે )

| ક્રમ | સર્વે નંબર | રેવન્યુ રેકર્ડ મુજબ | માપણી શીટ મુજબ | બિનખેતી ના હુકમ મુજબ | રજુ થયેલ પ્લાન મુજબ નેટ લેન્ડ એરીયા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| 1 | 470 / 1 | 58 - 22 (236945) | 35 - 20 (143663) | 58 - 22 (236945) | 35 – 19 (143554.71) | માપણી શીટ નાં ક્ષેત્રફળ મુજબ લે-આઉટ રજુ છે. |
| 2 | 471 / 2 / 3 / 4 | 744 - 23 (3013291) | 780 - 07 (3157363) | 664 - 23 (2689531) | 664 - 23 (2689531 ) | - કલેક્ટર કચેરી દ્વારા 664 - 23 ( એકર – ગુંઠા ) નું તા. ૧૧ / ૫ / ૦૫ ના હુકમથી બિનખેતી કરી આપેલ છે.<br>- કલેક્ટર કચેરીના બિનખેતીના હુકમ અનુસાર D.I.L.R કચેરી દ્વારા તાજેતરમાં 664 - 23 ( એકર – ગુંઠા ) ની માપણી કરી આપેલ છે.<br>- અરજદારે કલેક્ટર કચેરીના બિનખેતી હુકમ તથા D.I.L.R કચેરીના માપણી શીટ અનુસાર 664 - 23 ( એકર – ગુંઠા ) મુજબના લે- આઉટ પ્લાન મંજુરી અર્થે રજુ કરેલ છે.<br>- તે મુજબ 664 - 23 પૈકીની જમીનમા મંજુરી આપવા અંગે આગળની કાર્યવાહી હાથ ધરવાની રહે છે. ( વોટરબોડી, H.F.L બાઉંડ્રી તેમજ કંસારા નાળા સિવાયની જગ્યામા ) . |

<u>( ૨ ) કલેક્ટર કચેરીના બિનખેતી હુકમ બાબત.</u>

કલેક્ટરશ્રી ભાવનગર દ્વારા નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદા અન્વયે પાલિતાણા સુગર મિલ્સ પ્રા.લીની કાળીયાબીડ તરીકે ઓળખાતી વસાહતના વડવાનાં સર્વે નંબરો ૪૭૦ / ૧ તથા ૪૭૧ / ૨ – ૩ – ૪ ની જમીન હુકમ નં. આર.ઓ / કે.બી / ૨૧ / ૦૫. તા. ૧૧ / ૫ / ૦૫ થી બિનખેતી હુકમ કરવામાં આવેલ છે કલેક્ટર કચેરીના આ હુકમ અનુસાર ૬૬૪ – ૨૩ ( એકર – ગુંઠા ) મુજબ લે – આઉટ પ્લાનની મંજુરીની કાર્યવાહી હાથ ધરવાની રહે છે. ( હુકમની નકલ આ સાથે સામેલ છે )

<u>( 3 ) D.I.L.R કચેરી દ્વારા કરવામા આવેલ સ્થળ-સ્થીતીની માપણી બાબત.</u>

અરજદારશ્રી પાલીતાણા સ્યુગર મિલ્સ પ્રા. લી. દ્વારા કલેક્ટરશ્રી ભાવનગર દ્વારા કરવામા આવેલ બિનખેતીના હુકમ અન્વયે D.I.L.R કચેરી ભાવનગર પાસેથી હાલની સ્થળ-સ્થિતિની અધ્યતન માપણી કરાવી આ માપણી શીટ અનુસાર પેરીફરીના માપો તથા ક્ષેત્રફળ તથા આ વસાહતને અસરકર્તા કંસારા નાળાની જમીનની વિગતો દર્શાવતી તેમજ બાજુમા આવેલ ભાવનગર મહાનગરપાલિકા ના ગૌરીશંકર તળાવ ( બોરતળાવ ) ની ડુબની જમીન તથા H.F.L. બાઉંડ્રી ની હદ દર્શાવતી વિગતો ( વોટરબોડી ) ની માપણી કરી માપણી શીટની નકલ રજુ કરેલ છે.

## ( ૪ ) સામાન્ય સભાનો ઠરાવ .

આ વસાહતમા આવેલા બાંધકામો નિયમીત થઈ શકે તે હેતુસર આ સર્વે નંબરોનો લે - આઉટ મંજુર થઈ શકે તે માટે ભાવનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા દ્વારા વખતો – વખત જરૂરી ઠરાવો કરવામા આવેલા છે જે હકીકત ધ્યાને લેવા વિનંતી છે.

## ( ૫ ) કાળીયાબીડ વસાહતને રેગ્યુલાઈઝ કરવા માટે સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ દ્વારા D.C.R. મા સુધારો કરવા બાબત.

કાળીયાબીડ તરીકે ઓળખાતી આ વસાહતના સર્વે નંબરો ૪૭૦ / ૧ તથા ૪૭૧ / ૨ - ૩ - ૪ માં આવેલ બાંધકામો નિયમબધ્ધ થઇ શકે તે હેતુસર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગ્રૃહ નિર્માણ વિભાગ દ્વારા D.C.R મા સુધારો કરી આ વિસ્તારને સીટી એરિયા E " તરીકે તા. ૧૦ / ૫ / ૧૬ ના જાહેરનામાથી કરી ખાસ વિકાસ નિયંત્રણનાં નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલાં છે.

## ( ૬ ) લે – આઉટ પ્લાન બાબતે ચકાસણી.

અરજદારશ્રી પાલિતાણા સુગર મિલ્સ પ્રા.લી તેઓનો લે – આઉટ પ્લાન મંજુરી માટે મહાનગરપાલિકામા અગાઉ રજુઆત કરવામા આવેલ હતી.

ત્યારબાદ અરજદારશ્રી દ્વારા કલેકટર કચેરી દ્વારા કરવામા આવેલ બિનખેતીના હુકમ અન્વયે D.I.L.R કચેરી પાસેથી અદ્યતન સ્થિતિની માપણી કરાવી સુધારા વધારા સાથે નવો લે - આઉટ પ્લાન મંજુરી માટે રજુ કરવામા આવેલ છે. આ રજુ થયેલ લે - આઉટ પ્લાનની ચકાસણી કરતા જે ક્ષતીઓ માલુમ પડેલ છે તે તમામ ક્ષતીઓની પુર્તતાઓ કરાવવા માટે અરજદારશ્રીને વખતો વખત જરૂરી જાણ કરેલ છે .

અત્રેના વિભાગની નોટીસ અન્વયે પાલિતાણા સુગર મિલ્સ પ્રા.લી દ્વારા અંશતઃ સુધારા સાથે લે – આઉટ પ્લાન રજુ કરેલ છે જે આ સાથે સામેલ છે જે અંગે નીચે મુજબની વિગતો ધ્યાને લેવા વિનંતી છે.

## ( ૭ ) ડી.પી. રોડની અસર બાબત.

ભાવનગર શહેરનો સેકન્ડ રીવાઈઝ્ડ ડેવલપમેંટ પ્લાન સરકારશ્રીના તા.૧૭ - ૧૨ - ૧૩ ના જાહેરનામાથી મંજુર થયેલ છે. આ મંજુર થયેલ રીવાઈઝ્ડ ડેવલપમેંટ પ્લાન મુજબ કાળીયાબીડ તરીકે ઓળખાતી આ વસાહતને ૨૪.૦૦ મીટર તથા ૩૬.૦૦ મીટર ના D.P. રોડની અસર થાય છે. રજુ કરેલ પ્લાનમા બન્ને રોડ્ઝ માટે D.P કપાણની અસર વાદળી કલરથી દર્શાવેલ છે તથા આ બન્ને D.P. રોડના કપાણમા જતી જગ્યા એરીયા ટેબલમા દર્શાવેલા જે તે સંબંધિત અસરકર્તા પ્લોટ્સના એરીયામાથી બાંધકામ મંજુરી સમયે રદ ગણવાની રહે છે અને તે મુજબ બાંધકામ મંજુરીની કાર્યવાહી કરવાની રહે છે .

<u>( ૮ ) કંસારાનુ નાળુ.</u>

અરજદારશ્રી દ્વારા રજુ કરેલ લે - આઉટ પ્લાનમા કંસારા નાળા તરીકે ઓળખાત Water Course ની અસર થાય છે. DCR ની જોગવાઈ મુજબ કંસારા નાળાની બંને સાઈડ ૯.૦ મીટરનુ નિયંત્રણ રાખવાનુ રહે છે.

અરજદારશ્રી દ્વારા કંસારા નાળાની બન્ને બાજુએ ૯.૦ મીટરનુ નિયંત્રણ દર્શાવેલ નથી અને તે અંગે રજુઆત કરેલ છે કે આ સ્કીમ ૧૯૭૯ ની સાલની હોય તે સમયે આ ૯.૦ મીટરના અંતર વાળો નિયમ અમલમા ન હોવાથી આ અંગે રીલેક્ષેશન આપવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીની ઉપરની રજુઆત માન્ય રાખવા પાત્ર ન હોય રજુ કરેલ લે - આઉટ પ્લાનમા અત્રેના વિભાગેથી D.I.L.R કચેરી દ્વારા જે માપણી કરેલ છે અને જેમા કંસારા નાળાની હદ દર્શાવેલ છે તે કંસારા નાળાની બન્ને સાઈડો પર D.C.R ની જોગવાઈઓ અનુસાર ૯.૦ મીટર નુ નિયંત્રણ ગ્રીન કલરથી દર્શાવવામા આવેલ છે. આ નિયંત્રણ વાળી જગ્યામા દર્શાવેલ પ્લોટીંગ માન્ય રાખવાનુ થતુ નથી અને આ નિયંત્રણ રેખાના કારણે જે પ્લોટ્ને ઈઝમેંટ રાઈટ ( રસ્તો ) રહેતો નથી તેવા પ્લોટ્સ પણ માન્ય રાખવાના રહેતા નથી તેમજ અસર કરતા પ્લોટોને કોઈપણ પ્રકારના બાંધકામની મંજુરી આપવાની રહેતી નથી જે હકિકત ધ્યાને લેવા વિનંતી છે.

<u>( ૯ ) કોમેન પ્લોટના ક્ષેત્રફળ બાબત.</u>

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગ્રૂહ નિર્માણ વિભાગના તા. ૧૦ / ૫ / ૧૬ ના નોટીફીકેશનથી <u>૫.૫ % કોમ્નન પ્લોટ રાખવા</u> માટે હુકમ થયેલ છે.

અરજદારશ્રી દ્વારા વડવા સર્વે નંબર ૪૭૦ / ૧ માટે ૧ ડ્રોઈંગ શીટ તથા વડવા સર્વે નંબરો ૪૭૧ / ૨ - ૩ - ૪ માટે કુલ ૯ ડ્રોઈંગ શીટ્સ રજુ કરેલ છે. આ તમામ ડ્રોઈંગ શીટ્સની ચકાસણી કરી સામેલ <u>એનેક્ષર એ</u> મા જે કોમન પ્લોટસ માન્ય રાખવા પાત્ર થતા નથી તે કોમન પ્લોટસનો એરીયા તથા જે કોમન પ્લોટસમા કંસારા નાળાનુ ૯.૦ મીટરનુ નિયંત્રણ તથા D.P. રોડ કપાણનુ નિયંત્રણ લાગુ પડે છે તેનો એરીયા બાદ કરી સમગ્ર વસાહત માટે માન્ય રાખવાપાત્ર થતા કોમન પ્લોટનો કુલ એરીયા દર્શાવેલ છે. તેનો એરીયા <u>"૧૩૮૫૨૦.૬૦"</u> ચો.મી થાય છે અને તે આ વસાહતના કુલ એરીયાના <u>૪.૮૯ %</u> થવા જાય છે. નોટીફીકેશન મા દર્શાવેલા ૫.૫ % ના કોમન પ્લોટથી આ પ્રોવિઝન ઓછુ હોવાના કારણે કોમન પ્લોટના પ્રોવીઝન અંગેની ટકાવારી નવેસરથી નક્કિ કરવા બાબતે સરકારશ્રી કક્ષાએથી યોગ્ય નિર્ણય કરવાનો રહે છે.

<u>( ૧૦ ) ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેંટ ન કરવા બાબત.</u>

અરજદારશ્રી દ્વારા રજુ કરેલ લે - આઉટ પ્લાનમા ઈંફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેંટ સુવિધાઓ જેવી કે, રસ્તા, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ ની સુવિધાઓ અરજદારશ્રીએ તેઓના ખર્ચે કોર્પોરેશન ના નિતિ - નિયમો અનુસાર પુર્ણ કરવાની હોય છે હાલ આ વસાહતમા સોસાયટીઓના રહીશો / સરકારશ્રી ની ગ્રાંટ / માન.એમ.એલ.એ. શ્રી / માન. એમ.પી શ્રી તથા સભ્યશ્રીને ફાળવેલ ફંડમાથી ૪૦ થી ૫૦ % જેટલી ઈંફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેંટની સુવિધાઓ પુર્ણા કરવામા આવેલ છે. અરજદારશ્રીએ લે -આઉટ પ્લાન મંજુરી અન્વયે આવી ઈંફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેંટની સુવિધા બાબતે તેઓએ કોઇ જ કાર્યવાહી

કરવાની રહેતી નથી, તેવી રજુઆત કરેલ છે. આ બાબતે સરકારશ્રી કક્ષાએથી નિર્ણય કરવાનો રહે છે.

( ૧૧ ) GETCO ના N.O.C બાબત.

અરજદારશ્રી દ્વારા રજુ કરેલ લે – આઉટ પ્લાનમા ૬૬ કે.વી હાઈ ટેન્શન લાઈન પસાર થતી હોય આ બાબતે અરજદારને GETCO કચેરીનુ N.O.C રજુ કરવા જણાવેલ છે જે અન્વયે અરજદારશ્રી દ્વારા આ લાઈનો મોટા ભાગે આંતરિક રસ્તાઓ તથા કોમન પ્લોટ પરથી પસાર થાય છે તેમ છતા જો અમુક પ્લોટોને અસરકર્તા થતી હોય તો રીલેક્ષેશન આપંવા વિનંતી કરેલ છે.

આ N.O.C. મેળવવાની પ્રક્રીયા લાંબી હોય અરજદારા દ્વારા હાલ N.O.C રજુ કરેલ ન હોય આ H.T લાઈનથી વર્ટીકલ તથા હોરીઝોંટલ ડીસ્ટન્સ GETCO ના NORMS મુજબ મેન્ટેન કરવાનુ નિયત થાય તે અનુસાર જે – તે અસર કરતા પ્લોટ્સને / બાંધકામોને માન્ય રાખવાની પ્રક્રિયા તે સમયે કરવાની રહે છે તેવો હાલ નિર્ણય લેવાનો રહે છે તથા હાલ અરજદારશ્રી દ્વારા રજુ કરેલ લે - આઉટ પ્લાનમા અત્રેથી કેસરી કલરથી હાઈ ટેન્શન લાઈન દર્શાવી આપેલ છે જે હકિકત ધ્યાને લેવા વિનંતી છે.

( ૧૨ ) G.P.C.B નું N.O.C વેવ કરવા બાબત.

ગુજરાત સરકારશ્રીના પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ( G.P.C.B ) ના નિતિ – નિયમો અનુસાર જો કોઈ વસાહત ૫૦ હેક્ટરથી વધુ એરીયા ધરાવતી હોય તો, તેની મંજુરી આપતા પુર્વે ગુજરાત સ્ટેટ લેવલ એક્સપર્ટ એપ્રેસલ કમીટીનુ એન્વાયર્મેંટલ ક્લીયરંસ સર્ટીફીકેટ અરજદારે મેળવીને રજુ કરવાનુ ફરજીયાત રહે છે.

પરંતુ અરજદારશ્રી દ્વારા આ વસાહત છેલ્લા 30 / ૪૦ વર્ષથી ક્રમશઃ વગર મંજુરીએ ડેવલપ થયેલ હોઈને GP.CB નુ NOC રજુ કરવા બાબતે રીલેક્ષેશન આપવા રજુઆત કરેલ છે.

આ બાબતે આ વસાહત 30 / ૪૦ વર્ષથી ડેવલપ થયેલ હોય ખાસ કિસ્સા તરીકે N.O.C વેવ કરી સરકારશ્રી કક્ષાએથી મંજુર થઈ આવવા વિનંતી.

( ૧૩ ) બાડામા વિકાસ દર ભરવા બાબત .

અરજદારશ્રી દ્વારા રજુ કરેલ લે – આઉટ પ્લાન બાબતે નવા ડેવલપમેન્ટ માટે સરકારશ્રી દ્વારા નક્કિ થયેલો વિકાસ દર અરજદારે ભાવનગર એરીયા ડેવલપમેંટ ઓથોરીટી ( બાડા ) મા ભરપાઈ કરી વિકાસ દર ભરપાઈ કર્યા અંગેના આધારો રજુ કરવાના રહે છે. પરંતુ અરજદારશ્રી દ્વારા તેઓનો લે – આઉટ પ્લાન ૧૯૮૧ ની સાલમા અંશતઃ મંજુર થયેલ હતો અને ત્યારે બાડા મા વિકાસ દર ભરવાના નિયમો અમલમા ન હતા તેથી હાલ તેઓએ વિકાસ દર ભરપાઈ કરવાનો રહેતો નથી તેવી રજુઆત કરેલ છે. અરજદારે આ બાબતે અંદાજીત રૂ. ૬૧,30,000/- બાડામા વિકાસ ચાર્જ અંગેના ભરપાઈ કરવાના રહે છે. આ રકમ વેવ કરવા બાબતે સરકારશ્રી કક્ષાએથી નિર્ણય કરવા વિનંતી છે.

**(૧૪) તફાવતની ચકાસણી ફી ભરપાઈ ન કરવા બાબત.**

અરજદારશ્રી દ્વારા અગાઉ રજુ કરેલ ૨૦૧૦ મા લે - આઉટ પ્લાનની અરજી દરમિયાન જુના નિયમ અનુસાર ચકાસણી ફી ભરપાઈ કરેલ હતી. ચકાસણી ફી અન્વયેના હાલના નિયમ અનુસાર તફાવતની રકમ અરજદારે ભરપાઈ કરવાની થાય છે, હાલની સ્થીતીએ અગાઉ ભરેલ રકમ બાદ કરતા આશરે અંદાજીત રૂ. ૪૭,૦૦,૦૦૦/- તફાવત ચકાસણી ફી ભરપાઈ કરવાના થાય છે. પરંતુ અરજદારશ્રી દ્વારા જે તે સમયે ચકાસણી ફી ભરપાઈ કરેલ હોય હવે વધારાની કોઈ ચકાસણી ફી ભરપાઈ કરવાની રહેતી નથી તેવી રજુઆત કરેલ છે D.C.R.ની જોગવાઇ અનુસાર હવે આ લે - આઉટ પ્લાન માટે રૂપિયા ૩ /- પ્રતી ચો.મી. મુજબ ગણતરી કરતા તફાવતની ચકાસણી ફી રૂ. ૩૮૪૪૫૦૯ /- વસુલ લેવાના થાય છે. આ ચકાસણી ફી ની તફાવતની રકમ વેવ કરવા બાબતે સરકારશ્રી કક્ષાએથી નિર્ણય થઈ આવવા વિનંતી.

**(૧૫) શરતો.**

અરજદારે પ્લાનમા તથા રજાચીઠીમા દર્શાવેલ શરતોનો અમલ કરવા'નો રહેશે.

**(૧૬) D.C.R ની ગ્રાંટ ઓફ ડેવલપમેંટ પરમીશન અંગેની જોગવાઈ.**

અરજદારશ્રી દ્વારા રજુ કરેલ લે -આઉટ પ્લાન અન્વયે રજુ કરેલા આધારો અને સ્થળ સ્થિતિની વિગતો ( માપો, ક્ષેત્રફળ, હદ - નિશાન તથા ટાઈટલ બાબતે )સરકારશ્રી દ્વારા. મંજુર કરવામા આવેલ G.D.C.R ના ક્લોસ નં. ૫.૩.૧ ના પારા ૨ ની ૧ થી ૬ ની જોગવાઈઓ ધ્યાને લઈ મંજુરી અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

આમ, ઉપરોક્ત તમામ હકિકતો ધ્યાને લઇ પાલીતાણા સુગર મિલ્સ પ્રા.લી. દ્વારા જે લે - આઉટ પ્લાન મંજુરી અર્થે રજુ કરેલ છે તેમાં ઉપરોક્ત તમામ મુદ્દાઓની વિગતો ધ્યાને લઇ આ લે - આઉટ પ્લાનમા રીલેક્ષેશન આપી ખાસ કિસ્સા તરીકે મંજુર કરવા બાબતે સરકારશ્રી કક્ષાએથી યોગ્ય નિર્ણય લેવા નમ્ર વિનંતી છે.

કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

બિડાણ -

(૧) એનેક્ષર - એ ( કોમન પ્લોટની યાદી )
(૨) એનેક્ષર - બી ( કુલ ૧૦ શીટની એરીયા ટેબલની માહિતી )
(૩) લે - આઉટ પ્લાનની કોપી.
(૪) અન્ય વિગતોની માહિતીની ફાઈલ.

કાળીયાબીડ
પ્રકરણ



મોજે વડવા (ભાવનગર મહાનગરપાલિકા ) ના સર્વે નં.૪૭૦/૧ અને ૪૭૧/૨-૩-૪ તેમજ કાળિયાબીડના લે-આઉટ પ્લાન બાબતે માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તા.૨૨.૦૮.૧૭ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ :

ભાવનગર મહાનગર પાલિકા ધ્વારા મોજે વડવાનાં સર્વે નંબર ૪૭૦/૧ તથા ૪૭૧/૨-૩-૪, કાળીયાબીડનાં લે-આઉટ પ્લાનમાં ખાસ કિસ્સામાં કેટલીક છુટછાટો આપવા સરકારશ્રીમાં કરેલ તા.૧૨/૫/૨૦૧૭ની દરખાસ્ત પરત્વે તા.૨૨/૦૮/૨૦૧૭ નાં રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવેલ. જેમાં નીચે મુજબનાં અધિકારીશ્રીઓ/ પદાધિકારીશ્રીઓ હાજર રહેલ.

(૧) માન. ધારાસભ્ય, ભાવનગર શ્રી જીતુભાઈ વાઘાણી.

(૨) માન.સંસદિય સચિવશ્રી વિભાવરીબેન દવે.

(૩) માન.મેયરશ્રી,ભાવનગર.

(૪) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

(૫) કલેકટશ્રી,ભાવનગર.

(૬) કમિશ્નરશ્રી,ભાવનગર તથા અન્ય અધિકારીશ્રીઓ

(૭) મુખ્ય નગર નિયોજકશ્રી

(૮) માન.ચેરમેનશ્રીશ્રી,સ્ટેડીગ કમીટી, ભાવનગર મહાનગરપાલિકા.

(૯) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

(૧૦) સુપ્રિટેન્ડીગ એન્જીનીયર,જી.આઈ.ડી.સી તથા અન્ય અધિકારીશ્રીઓ

(૧૧) ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં અધિકારીશ્રીઓ

સદર બેઠકમાં ઉકત અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ દ્વારા વડવાનાં સર્વે નંબર ૪૭૦/૧ તથા ૪૭૧/૨-૩-૪, કાળીયાબીડનાં લે-આઉટ પ્લાન મંજુર કરવા બાબતે ખાસ કિસ્સામાં કેટલીક છુટછાટો માંગેલ. તે પરત્વે તથા મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા દરખાસ્ત પરત્વે તા.૧૪/૦૮/૨૦૧૭ થી શહેરી વિકાસ વિભાગને પાઠવેલ અભિપ્રાયસહ ચર્ચા વિચારણા કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબનાં મુદ્દાઓ પરત્વે જરૂરી કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવ્યું.

(૧) ભાવનગર મહાનગરપાલિકાની દરખાસ્ત મુજબ ભાવનગરની મંજુર/અમલી વિકાસ યોજનામાં સમાવિષ્ટ કાળીયાબીડ તરીકે ઓળખાતી વસાહતને ૨૪.૦૦ મી. તથા ૩૬.૦૦ મી. નાં ડી.પી રોડની અસર થાય છે તથા સત્તામંડળ દ્વારા આ બંને ડી.પી રસ્તાની કપાતમાં જતી જગ્યા એરીયા ટેબલમાં દર્શાવેલા જે તે સંબંધિત અસરકર્તા

પ્લોટસનાં એરીયામાંથી બાંધકામ મંજુરી સમયે રદ ગણવાની રહે છે અને તે મુજબ બાંધકામ મંજુરીની કાર્યવાહી કરવાની રહે તેમ જણાવેલ છે.

**સદર બાબતે ચર્ચા વિચારણા કરતાં સદર લે–આઉટને ૨૪.૦૦ મી. તથા ૩૬.૦૦ મી.નાં રસ્તાની અસર બાબતે હાલ કોઈ નિર્ણય કરેલ નથી.**

(૨) ભાવનગર મહાનગરપાલિકાની દરખાસ્ત મુજબ રજુ કરેલ લે–આઉટ પ્લાનમાં કંસારા નાળા તરીકે ઓળખાતા Water Course ની અસર થાય છે. DCR ની જોગવાઈ મુજબ કંસારા નાળાની બંને સાઈડ ૯.૦૦ મી.નું નિયંત્રણ રાખવાનું રહે છે.

**સદર બાબતે ચર્ચા વિચારણા કરતાં વોટર બોડીથી ૯.૦૦ મી. નિયંત્રણ રેખામાં આવતાં બાંધકામો નિયમીત કરવાનાં રહેશે નહિ તથા તેમાં કોઈપણ જાતની વિકાસ પરવાનગી મળવાપાત્ર રહેશે નહિ તેમ નકકી કરવામાં આવ્યું.**

**(અમલીકરણ : ભાવનગર મહાનગરપ[illegible]ા)**

(૩) ભાવનગર મહાનગરપાલિકાની દરખાસ્ત મુજબ ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા.૧૦/૦૫/૨૦૧૬ નાં નોટીફીકેશનથી ૫.૫% કોમન પ્લોટ રાખવા માટે હુકમ થયેલ છે. ૫.૫% નાં કોમન પ્લોટથી આ પ્રોવિઝન ઓછું હોવાનાં કારણે કોમન પ્લોટનાં પ્રોવિઝન અંગેની ટકાવારી નવેસરથી નકિક થવા જણાવેલ છે.

**કોમન પ્લોટ ૫.૫% ના બદલે ૪.૮૯% નો રાખવા બાબતે ચર્ચા વિચારણા થતાં, સ્થળ પર વિપુલ પ્રમાણમાં બાંધકામો થઈ ગયેલ હોવાથી તથા કંસારા નાળાનાં ૯.૦૦ મી.નાં નિયંત્રણમાં આવી જવાથી કોમન પ્લોટનું ક્ષેત્રફળ ઓછું થઈ જાય છે. જેથી સદરહું ૪.૮૯% નો કોમન પ્લોટ ગ્રાહય રાખવા નકકી કરવામાં આવ્યું.**

(અમલીકરણ : ભાવનગર મહાનગરપાલિકા)

(૪) ભાવનગર મહાનગરપાલિકાની દરખાસ્ત મુજબ રજુ કરેલ લેઅઆઉટ પ્લાનમાં ૬૬ કે.વી હાઈ ટેન્શન લાઈન પસાર થતી હોય આ બાબતે અરજદારને GETCO કચેરીનું N.O.C રજુ કરવા જણાવેલ છે. જે અન્વયે અરજદારશ્રી દ્વારા આ લાઈનો મોટા ભાગે આંતરીક રસ્તાઓ તથા કોમન પ્લોટ પરથી પસાર થાય છે. તેમ છતાં જો અમુક પ્લોટોને અસરકર્તા થતી હોય તો રીલેક્ષેશન આપવા વિનંતી કરેલ છે.

**સદર બાબતે ચર્ચા વિચારણા કરતાં લે–આઉટ પ્લાનમાં સમાવિષ્ટ ૬૬ કે.વી હાઈટેન્શન લાઈનની નીચે સદર વિસ્તારનાં રહિશોની સલામતી ધ્યાને લેતાં સદર લાઈનની નીચે આવતાં મકાનો નિયમબધ્ધ કરવાનાં રહેશે નહિ.**

(અમલીકરણ : ભાવનગર મહાનગરપાલિકા)

(૫) ભાવનગર મહાનગરપાલિકાની દરખાસ્ત મુજબ ગુજરાત સરકારશ્રીનાં પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (G.P.C.B) નાં નિતિ–નિયમો અનુસાર જો કોઈ વસાહત ૫૦ હેકટરથી વધુ એરીયા ધરાવતી હોય તો, તેની મંજુરી આપતાં પુર્વે ગુજરાત સ્ટેટ લેવલ એક્ષપર્ટ કમીટીનું એન્વાયર્મેન્ટલ કલીયરંસ સર્ટીફીકેટ અરજદારે મેળવીને રજુ કરવાનું ફરજીયાત રહે છે. પરંતુ સદર બાંધકામો છેલ્લા ૩૦/૪૦ વર્ષથી ક્રમશઃ વગર મંજુરીએ ડેવલપ થયેલ હોઈ તેમાં છુટછાટ આપવા ખાસ કિસ્સા તરીકે ના–વાંધા પ્રમાણપત્ર વેવ કરી સરકારશ્રી કક્ષાએ મંજુર થઈ આવવા દરખાસ્ત કરેલ છે.

**સદર બાબતે ચર્ચા વિચારણા કરતાં સદરહું વિસ્તારનાં બાંધકામો સને–૨૦૦૬ પહેલાથી અસ્તિત્વમાં હોવાથી, આ સંદર્ભે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ના–વાંધા પ્રમમાણપત્રની જરૂરીયાત રહે છે કે કેમ? તે માટે વિગતવાર દરખાસ્ત ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને પાઠવી, તેનો અભિપ્રાય / નિર્ણય મળ્યાબાદ ભાવનગર મહાનગપાલિકા દ્વારા કાર્યવાહી કરવાની રહે, તેમ નક્કી કરવામાં આવ્યું.**

**(અમલીકરણ : ભાવનગર મહાનગરપાલિકા અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ)**

(૬) ભાવનગર મહાનગરપાલિકાની દરખાસ્ત મુજબ રજુ કરેલ લે–આઉટ પ્લાનમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સુવિધાઓ જેવી કે, રસ્તા, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટની સુવિધાઓ અરજદાશ્રીએ તેઓનાં ખર્ચે કોર્પોરેશનનાં સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમોની જોગવાઈ અનુસાર પુર્ણ કરવાની હોય છે. હાલ આ વસાહતમાં સોસાયટીઓનાં રહીશો/ સરકારશ્રીની ગ્રાંટ/માન. એમ.એલ.એ શ્રી/ માન. એમ.પી શ્રી તથા સભ્યશ્રીને ફાળવેલ ફંડમાંથી ૪૦ થી ૫૦% જેટલી ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સુવિધાઓ પુર્ણ કરવામાં આવેલ છે. અરજદારશ્રીએ લે–આઉટ પ્લાન મંજુરી અન્વયે આવી ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સુવિધા બાબતે તેઓએ કોઈ જ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેવી રજુઆત કરેલ છે.

**સદર બાબતે ચર્ચા વિચારણા કરતાં નકકી કરવામાં આવેલ કે, આ વિસ્તારમાં લે–આઉટ પ્લાનને મંજુરી આપતી વખતેને બદલે જયારે બાંધકામ પરવાનગી માટે અરજી આવે ત્યારે, જે તે અરજદારશ્રી પાસેથી જી.ડી.સી.આરની જોગવાઈઓને આધિન જે કોઈ ફી એટલે કે ચકાસણી ફી, ડેવલપમેન્ટ ચાર્જ, એમીનીટીઝ ફી વિગેરે વસુલવામાં આવતી હોય, તે મુજબ વસુલવાની રહેશે.**

ફી ની રકમ ભરેલ છે અને આ બાબતે બાકી રહેતી તફાવતની ચકાસણી ફી ની રકમ અરજદારે ભાવનગર મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાની રહેશે.

**(અમલીકરણ : ભાવનગર મહાનગરપાલિકા)**

(૮) પાલીતાણા સુગર મીલ્સ દ્વારા રજુ કરેલ લે-આઉટ પ્લાન બાબતે તેઓએ ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ (બાડા) માં નિયમોનુસારનો ડેવલપમેન્ટ ચાર્જ ભરપાઈ કરી અને વિકાસ દર ભરપાઈ કર્યા અંગેનું ના-વાંધા પ્રમાણપત્ર ભાવનગર મહાનગરપાલિકામાં રજુ કરવાનું રહેશે.

**(અમલીકરણ : ભાવનગર મહાનગરપાલિકા અને ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ)**

આમ, ઉપરોકત બાબતે વિગતવાર ચર્ચા વિચારણા અને નિર્ણય થયા બાદ અન્ય કોઈ મુદ્દો ન હોવાથી સર્વેનો આભાર માની મીટીંગનું સમાપન કરવામાં આવેલ.

---

ક્રમાંક:નરય-૨૩૨૦૧૭-૬૫૭૩-લ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૮/૦૯/૨૦૧૭

પ્રતિ,
- માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી,બ્લોક નં.૨ છઠ્ઠે માળ, સચિવાલય,ગાંધીનગર.
- માન.ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી, ભાવનગર, જી.ભાવનગર.
- માન.મેયરશ્રી,ભાવનગર મહાનગરપાલિકા,ભાવનગર.
- માન.ચેરમેનશ્રી,સ્ટેન્ડીંગ કમિટિ, ભાવનગર મહાનગરપાલિકા,ભાવનગર.
- અગ્ર સચિવશ્રી,શહેરી વિકાસના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- કલેકટરશ્રી,ભાવનગર.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર.
- મુખ્ય નગર નિયોજકશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ,ગાંધીનગર.
- મુખ્ય.કારોબારી અધિકારીશ્રી,ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ,ભાવનગર.
- સુપ્રીટેન્ડેન્ટીંગ એન્જીનિયર,જી.આઇ.ડી.સી.,ભાવનગર.
- પર્યાવરણ ઇજનેરશ્રી ,ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ,ભાવનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૭

સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ